## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તંત બધા તરછોડો મનવા,
ભીતર નાતો જોડો મનવા.
ખુદના પડછાયાની પાછળ,
હરપળ શાને દોડો મનવા !

- હરજીવન દાફડા.

### પાથેય

## ઢળતી સાંજની ઝાલર...

- રમેશ ઠક્કર

પ્રાર્થના એ આત્માનો ખોરાક છે એટલુંજ નહી પ્રાર્થના એ મફતમાં મળેલું એવું ટોનિક છે..જે આપણા જીવનરસને સતત જીવંત પણ રાખે છે.પ્રાર્થના, વિજ્ઞપ્તિ, આજીજી, શરણાગતિ, યાચના, કે માગણી...એ એની વિવિધ અર્થચ્છાયાઓ છે,પરંતુ આર્જવતા એ પ્રાર્થનાનો પ્રાણ છે.પ્રાર્થના કરનાર વ્યક્તિનું હદય સંપૂર્ણપણે નિર્મળ હોવું એ પ્રાથમિક શરત છે...

વહેલી પરોઢની પ્રાર્થના એક અનોખા ઉપહાર જેવી હોય છે..ઢળતી સાંજે ઝાલર વાગે એ એનું અનુસંધાન કહેવાય..હું પણ ભકતહદય છું..મનોમન સમાધિ લગાવવાનો રોમાંચ ઘણીવાર લઉં છું..મારા અંતરના તાર કોઈ પરમ તત્વ સાથે જોડાઈ જતા હોય એવું લાગે છે..પણ આ લાંબુ ટકતું નથી..અચાનક કટઓફ થઈ જવાય છે.. આ નેટવર્ક પ્રોબ્લેમ એ જ કદાચ આપણી નિયતિ છે..મુક્કદર છે..આપણા સંજોગો જ એવા હોય છે..એટલે જ 'મરીઝ ' કહે છે..

**કોઇ એવા દિલેરની સંગત દે ઓ ખુદા..**
**સંજોગોને જે મારૂં મુકકદર થવા ન દે..**

આપણી પ્રાર્થનાનો પ્રતિઘોષ મનની સ્વચ્છતાના માપદંડ સાથે સીધો સંબંધ ધરાવે છે..'મને ચાકર રાખો જી', એવું મીરાં ઈશ્વરને ઉદેશીને કહે છે ત્યારે એમાં નિર્મળ હદયોદગારની સાથે તીવ્ર ઉત્કટતા પણ અનુભવાય છે. ફનાગીરી, ખુમારી કે ફકીરીના મેઘધનુષ્યની નેપથ્યે થયેલ પ્રાર્થનાની પેશકશ હદયસ્પર્શી બની જાય છે..મંગલ મંદિર ખોલો દયામય એટલું કહી અટકી જવામાં કદાચ અધુરપ ગણાય ,પરંતુ દ્વારે ઉભો શીશુ ભોળો એવા ભાવો ઉમેરીએ ત્યારે એ પૂર્ણપણે પ્રાર્થના બને છે. અર્થાત્ એ માટે ભોળા શીશુ બનવું અભિપ્રેત છે...

લુચ્ચા મનથી આર્જવ ભાવો અભિવ્યકત થઈ શકતા નથી..શ્રધ્ધા થકી જ એનો ઉચ્ચ આયામ પામી શકાય. છે..વગર બેલેન્સે 'મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી..'એમ કહેવામાં નરસિંહની શ્રધ્ધાની ચરમસીમા છે..જીવનના અંતિમ શ્વાસ સુધી પ્રાર્થનાને પ્રેરકબળ માની પ્રબળ જીજિવિષાનો એહસાસ કરાવનાર ગાંધીજીના જીવનનો મધ્યવર્તી સાર ઈશ્વર માટેની અટલ શ્રધ્ધા છે...

અમારી ગામઠી શાળા માં રોજ સવારે સમૂહમાં પ્રાર્થના થતી 'અસત્યો માંહે થી પ્રભુ પરમ સત્યે તું લઈ જા...' આ જ કદાચ આપણા સહુની સાચી તલાશ છે..ચોતરફ તિમિર છે..ઘનઘોર અંધાર છે..પણ પ્રાર્થનાની ટોર્ચ એક ઝબકાર છે જે આપણા જીવનપંથને ઉજાળે છે.. એ માટેની સતત મથામણ એ જ જીવનનો નિષ્કર્ષ હોઈ શકે..વહેલી સવાર એ પ્રાર્થના માટેનું બેસ્ટ બેકગ્રાઉન્ડ હોય છે...સુમધુર સવારના સથવારે આટલું પ્રાર્થનામય થઈ જવું એ પણ આપણા જેવા સંસારીઓ માટે સમાધિ જ છે....

# કોંગ્રેસમાં જોમ-જુસ્સો ભરવાનો પ્રયાસ

**તંત્રીસ્થાનેથી...**

ઘણી રાહવ જોવડાવ્યા પછી કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નવા સુકાનીઓ જાહેર કરવા પડ્યા છે. બધેથી હારેથી - થાકેલી કોંગ્રેસને જાણે ગુજરાતમાં સંગઠન વિશે નિર્ણય કરવાની જરૂર જ ન લાગતી હોય એમ લાંબા વખતથી રાજીનામું આપી દીધું હોવા છતાં અમિત ચાવડા અને પરેશ ધાનાણીની જોડી ગાડું ગબડાવતી હતી. પાટીદાર અનામત આંદોલનના નેતા તરીકે ઊપસી આવેલ હાર્દિક પટેલ છેક રાહુલ ગાંધીના અંતરંગ વર્તુળ સુધી પહોંચી ગયા હતા અને 'કાર્યવાહી અધ્યક્ષ' જેવું લેબલ લગાવીને ફરતા હતા. એવું મનાતું હતું કે બધેથી જાકારો મેળવી ચૂકેલી કોંગ્રેસ યુવાન નેતાઓને ખભે ચડીને ગુજરાતમાં ધમાકેદાર પુનરાગમન કરશે. એ સંદર્ભે ઠાકોર સેનાના નેતા અલ્પેશજી ઠાકોર અને દલિત સમુદાયના ઝુઝારુ નેતા જિજ્ઞેશ મેવાણી તથા પાટીદારોના લાડકા યુવા નેતા હાર્દિક પટેલની ત્રિપુટી પર કોંગ્રેસનો મોટો મદાર હતો. અલ્પેશ ઠાકોરે કોંગ્રેસને રામ રામ કરીને ભાજપનો કેસરિયો ઝંડો સ્વીકારી લીધો અને જિજ્ઞેશ મેવાણીએ ટેકનિકલ મુદ્દે ધારાસભામાં અપક્ષ તરીકે ચૂંટાયેલા એ બહાના હેઠળ કોંગ્રેસના સમર્થક તરીકેની ભૂમિકા ચાલુ રાખી છે. કોંગ્રેસ પુનર્જીવિત થવા તરફડિયાં મારી રહી છે. પણ એને જિજીવિષાને પોષી શકે એવું નેતૃત્વ કાળની ગર્તામાં સરી ગયું છે. એ ક્ષમતા કેન્દ્રીય સ્તરે નથી રહી ગાંધી પરિવારમાં કે નથી રહી પ્રાદેશિક સ્તરે અવારનવાર અખબારી નિવેદનો કરીને પોતાની હાજરી પુરાવતા રહેતા પ્રભાવહીન લઘુનેતાઓમાં. ગુજરાતમાં કયારેક હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી કે ચીમનભાઈ પટેલ જેવા લોકપ્રિય કોંગ્રેસી નેતાઓ પણ હતા તે આજની યુવા પેઢી જાણતી હશે કે કેમ એ સવાલ છે. એને તો છેલ્લાં પચ્ચીસ વર્ષ કરતાં પણ વધુ સમયથી 'કમળ' જ ખીલેલું દેખાતું રહ્યું છે. આવા કપરા સંજોગોમાં એક ઊછીનો લીધેલો નેતા કોંગ્રેસની ડૂબતી હોલડી બેલડીને કિનારે પહોંચાડવાની ક્ષમતા ધરાવતો હતો. એને હાઈકમાન્ડના કાન ભંભેરી કોંગ્રસમાંથી રાજીનામું આપી દેવા મજબૂર કરી દેવાયો. શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડી એ પછી કોંગ્રેસનું સતત ધોવાણ થતું રહ્યું છે. મોડે મોડે એના પ્રભાવહીન નેતૃત્વને અને પાટીદારો ક્યારેક કોંગ્રેસ તરફ વળશે એવી લાલચને કોરાણે મૂકી હાઈકમાન્ડે ફરી એકવાર કોંગ્રેસની પરંપરાગત વોટબેંક તરફ નજર માંડી છે. નવા પ્રદેશ પ્રમુખ બનવા થનગની રહેલા હાર્દિક પટેલ જેવા આગંતુક યુવા નેતાની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. એમનું પાટીદાર કાર્ડ વિધાનસભાની પૂટા ચૂંટણી કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીમાં ચાલી શક્યું નથી. આ કઠોર વાસ્તવ પચાવતાં હાઈકમાન્ડ ઉર્ફ રાહુલ-પ્રિયંકાને ઘણી વાર લાગી છે. આખરે રઘુ શર્મા જેવા નીવડેલા નેતાને પ્રભારી તરીકે મૂકીને એમણે માધવસિંહ સોલંકીની જૂની ખામ ફોર્મ્યુલા સ્વીકારવામાં જ શ્રેય જોયું છે. અલબત્ત, કેન્દ્રીય પરિવારની જેમ ગુજરાતમાં પણ પ્રાદેશિક પરિવારવાદ શરૂ થઈ ગયો હતો એનો છેદ ઉડાડીને ડહાપણભર્યું પગલું ભર્યું છે. જગદીશ ઠાકોર ડાઉન ટુ અર્થ કાર્યકર્તા છે. એક મર્યાદિત ક્ષેત્રમાં જાણીતા હોવા છતાં વકતૃત્વ શક્તિને કારણે આખા ગુજરાતમાં પ્રચાર કાર્યમાં જોતરાતા રહ્યા છે. સામાન્ય મંડપનો વ્યવસાય કરતાં કરતાં દહેગામમાંથી ધારાસભ્ય અને તે પછી પાટણની બેઠક પરથી એકવાર સાંસદ તરીકે ચૂંટાયેલા જગદીશ ઠાકોર ઓબીસીના કટ્ટર હિમાયતી અને માધવસિંહ સોલંકી જૂથના વિશ્વાસુ કાર્યકર રહ્યા છે. જગદીશ ઠાકોરને પ્રદેશનું સંગઠન અને આદિવાસી કાર્યકર સુખરામ રાઠવાનો વિપક્ષનું નેતા પદ સોંપી પાર્ટીએ હવે એની જૂની અને જાણીતી જ્ઞાતિવાદી રાજનીતી તરફ પ્રણાય કર્યું છે. હજી 'કાર્યકારી અધ્યક્ષો' નિમાશે - જેમાં પટેલ સહિત અન્ય કોમો પણ હશે, લઘુમતીનો પ્રતિનિધિ પણ હશે અને સૌરાષ્ટ્ર તથા સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ પણ હશે. દલિતોના નેતા તરીકે પ્રચંડ પ્રતિભાશાળી સ્વ. મનુભાઈ પરમારના સુપુત્ર હોઈ શકે છે ! જો કે સી.આર. પાટીલ જેવી વ્યૂહાત્મક રાજનીતિનો કોંગ્રેસ પાસે કોઈ જ વિકલ્પ નથી એ કહેવાની જરૂર ખરી ?

# બાળવાર્તાનો રસ બાળકો, ઘૂંટડે ઘૂંટડે પીશે!

**આરપાર**
**રાઘવજી માધડ**



એક યુગ જાણે આથમી ગયોઃ 'દાદા મને વાર્તા સંભળાવો !' આવું બાળક કહે અને સામેથી દાદા કે દાદી ઘૂંટડે ઘૂંટડે વાર્તારસ પીવડાવે. બાળક તૃપ્તિનો ઓડકાર લે...પણ એ દિવસો ખુદ 'દિવાસ્વપ્ન' જેવા લાગે છે. આ મોબાઈલના યુગમાં બાળક તો વાર્તા સાંભળવા તત્પર છે પણ વાર્તા સંભળાવે કોણ !? પણ બાળકોની મૂછાળી મા તરીકે સિદ્ધિ અને પ્રસિદ્ધિ પામેલા શ્રી ગિરિજાશંકર ભગવાનજી બધેકા જેઓને 'ગિજુભાઈ'ના બહુમુલા નામથી ગુજરાતનું શિક્ષણજગત જાણે છે.તેઓના(તા.૧૫-૧૧-૧૮૮૫) ૧૩૭માં જન્મદિન નિમિતે 'બાલવાર્તા દિન' ઉજવણીની સરકાર દ્વારા ઘોષણા કરવામાં આવી છે ત્યારે આવા ઉમદા કાર્ય માટે શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રી વંદન ને અભિનંદનના અધિકારી બને તે સ્વાભાવિક છે.

વ્યવસાયે વકીલ એવા ગિજુભાઈ પુત્રની કેળવણી બાબતે અવઢવમાં હતા.તેઓની આસપાસ દેખાતી શિક્ષણની સંસ્થાઓ અને બાળકોની સ્થિતિ જોઈ પોતાના પુત્રને એવી ચીલાચાલુ સ્કૂલોથી મુક્ત રાખવા માંગતા હતા.મારાં છોકરાંને હું જાતે ભણાવીશ અથવા અભણ રાખીશ...આવું નક્કી કરેલું.પણ ઢસા ના દરબારશ્રી ગોપાલદાસના કહેવાથી મોતીભાઈ અમીનને મળે છે.તેઓ મોન્ટેસરી પદ્ધતિ મુજબ કાર્ય કરતા હતા. મોતીભાઈ કેટલાંક પુસ્તકો વાંચવા આપ્યા હતા તેમાં ડૉ. મારિયાના મોન્ટેસરીના પુસ્તકો પણ હતા. તે વાંચ્યા પછી ગિજુભાઈને બાળકેળવણીનો સાચો રસ્તો સુઝ્યો હતો.

ગિજુભાઈના મામા હરગોવિંદદાસે ભાવનગર મુકામે પોતાના બંગલામાં 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન' ની શરૂઆત કરી હતી.તે સમયે નૃસિંહપ્રસાદ ભટ્ટ પોતાનું પ્રોફેસરપદ છોડી આ સંસ્થામાં જોડાયા હતા. ગુજ રાતના કેળવણીના ઈતિહાસમાં અમૂલ્ય પ્રદાન કરનાર આ સંસ્થાએ ગિજુભાઈને બોલાવ્યા હતા.તેઓ કાય દાના સલાહકાર તરીકે જોડાયા હતા.પણ ખરા અર્થમાં વકીલાત છોડી શિક્ષક બન્યા હતા.મોટા કરતાં નાનાં બાળકોને ઘડવાં, ભણાવવાં અઘરાં લાગ્યાં હતાં. આથી બાલમંદિર શરુ કરવું જરૂરી લાગ્યું હતું. સંસ્થા દ્વારા ઈ.સ.૧૯૨૦માં બાલમંદિરનો પ્રારંભ થયો હતો. ગિજુભાઈ તેમાં 'બાળમિત્ર' અને બાળશિક્ષક' બન્યા હતા.

શિક્ષણમાં પ્રયોગાત્મક કાર્ય કરવાના સ્વભાવે શિક્ષણ અંગેનું વિપુલ સાહિત્યનું ગિજુભાઈએ અનુભવના આધારે સર્જન કર્યુ. તેમાં બાળકો,વાલી-મા-બાપ ઉપરાંત શિક્ષકનો પણ સમાવેશ થતો હતો.

'દિવાસ્વપ્ન'એ ગિજુભાઈનું શ્રેષ્ઠ સાહિત્યસર્જન છે.તેઓએ બીજું કાંઈ જ ન લખ્યું હોત અને એક આ પુસ્તક જ લખ્યું હોત તો પણ એક સમર્થ શિક્ષણશાસ્ત્રી તરીકે એમનું નામ અંકિત થયું હોત. તાજેતરમાં જ આ પુસ્તક પરથી એક ગુજરાતી ચલચિત્રનું પણ નિર્માણ થયું છે.

બાળકેળવણીના ભીષ્મપિતામહ ગિજુભાઈના નિવાસ'સ્મારક' બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી છે.વળી આજથી આશરે સો વરસ પહેલા દક્ષિણામૂર્તિની ટેકરી પર ગિજુભાઈએ બાલવાર્તા અને બાલ ગીતોના પ્રયોગોની નોંધ આજે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં આવી છે.આ ઉજવણી નિમિતે રાજયના જિલ્લાઓમાં બાલવાર્તાઓના પ્રયોગો થાશે...ને તેની પ્રસ્તુતિ લોકસાહિત્યની શૈલીમાં કલાકાર સાંઈરામ દવે કરશે. દવે મૂળ શિક્ષણનો જીવ.જયારે હું અમરેલીના તાલીમ ભવનમાં લેકચરર હતો ત્યારે તેઓ તાલી માર્થી હતા. પછીથી શિક્ષક તરીકે જોડાયેલા. બાલદિન ઉજવણીમાં જેઓને ખરેખર પ્રાથમિક શિક્ષણમાં પ્રત્ય ક્ષ કાર્ય કર્યુ હોય તે જ વિશેષ યોગદાન આપી શકે. તેમાં સાંઈરામ યોગ્યતાના ચોકઠાંમાં બરાબર બેસે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬ બાદ ડૉ.યશપાલ સમિતિ દ્વારા'ભાર વગરના ભણતર'નો અહેવાલ પ્રસિદ્ધ થયો હતો.જેમાં ગિજુભાઈ પ્રેરિત બાળકેળવણીને ખાસ સમર્થન મળતું હતું.તેથી તેના આધારે અલ ગથી પાઠ્યપુસ્તકોની રચના કરી,જેની અમુક જિલ્લાઓમાં અજમાયશ પણ કરવામાં આવી હતી.તે સમયે, ગુજરાત જેમનું ગૌરવ લઈ શકે એવા આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ દ્વારા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે 'લઘુતમ અધ્ય યન કક્ષાઓ(એમ.એલ.એલ.) કાર્યક્રમ અમલ હતો.તે માટે શિક્ષકોને ખાસ પ્રશિક્ષણ આપવામાં આવતું હતું.

ગિજુભાઈના જન્મદિન નિમિત્તે જે ઉજવણી કરવામાં આવશે તેમાં, ઉપરોક્ત વિગતોથી શિક્ષણને થયેલા ફાયદા-ગેરફાયદાઓના લેખાજોખા કરી, આ ઉજવણીમાં તે બાબતને નજરમાં રાખવામાં આવે તો કદાચ, ઉજવણીનો ઉદ્દેશ્ય તેની સાર્થકતામાં અભિવૃદ્ધિ કરે તો નવાઈ નહીં !

છેલ્લે :

'દિવાસ્વપ્ન'ના પ્રયોગ પછી, અંગ્રેજ અધિકારીએ પ્રતિભાવમાં કહ્યું હતું :આજ ખરી કેળવણી છે. ગોખીને સંવાદો બોલવાનો કાળ હવે ગયો. એ રીત બેહુદીને આત્માનો નાશ કરનારી છે.

http://raghavjimadhad.blogspot.com, mo. 94270 50995

### દિન મહિમા

- વર્લ્ડ સોઈ ડે
આ દિવસ જન સંખ્યા વધવાના કારણે વધી રહેલી સમસ્યાઓને ઉજાગદર કરે છે. માટીના થતા નુકશાન મામલે જાગૃતતા વધારવા માટે આજ રોજ 'વિશ્વ સોઈલ ડે' મનાવવામાં આવે છે.

આજનું
### ઔષધ

- એસીડીટી થવા પર ત્રિફળા ચૂર્ણનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. ત્રિફળાને દૂધ સાથે પીવાથી એસીડીટી દૂર થાય છે.

### ખડખડાટ

બાજુની સીટ પર બેઠેલી યુવતીને કંડકટરે કહ્યું : આ મોબાઈલ તમને જીવનમાં બહુ આગળ લઈ જશે....

યુવતી : કેમ કાકા ?

કંડકટર : ટિકિટ તો વડોદરાની લીધી છે પણ બસ સુરત વટી ગઈ છે...!!

આજનો
### વોટ્સએપ

રસ્તાઓ પણ જરૂર થાકશે એક દિવસ....
તમને દોડાવી દોડાવીને....
શરત એ છે કે....
તમને વિશ્વાસ તમારા કદમો પર હોવો જોઈએ.....

### વિચાર

- એક નબળો વિચાર બીજા નબળા વિચારને આમંત્રણ આપે છે, નબળા વિચારો પછી ગુણાકાર થવા લાગે છે અને સરવાળે માણસ જ ખોટમાં જાય છે

- એસ ભટ્ટાચાર્ય

- પોતાના અંતરઆત્માના સંકેત અનુસાર ચાલવું તે યશસ્વી થવાનો સૌથી સહેલો ઉપાય છે

- એલિસ્ટર સિન્કલેર

# આવો, આપણે એકબીજાની ખુશામત કરીએ અને મોટા બનીએ

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



આજના યુગમાં સોશિયલ મીડિયા ઉપર જો સૌથી વધુ સસ્તી કોઈ ચીજ મળતી હોય તો તે ''ખુશામત'' છે. જેઓ જીવનમાં કશું જ નથી કરી શક્યા કે કશું નથી કરી શકવાના તેઓ હંમેશાં બીજાની ખુશામત કરતા હોય છે. પ્રસંશા અને ખુશામતમાં ઘણો મોટો તફાવત છે. પ્રસંશા એ વ્યક્તિના ગુણોનું, કલાનું, વિદ્વત્તાનું કે સારા સ્વભાવનું રિએકશન છે. આકલન છે. કોઈપણ સારી વસ્તુની પ્રસંશા થવી જોઈએ. જેને કારણે અન્ય લોકોને પ્રેરણા મળે. શીખવા સમજવા મળે. સાચી પ્રસંશા હંમેશાં થવી જ જોઈએ. જેથી વ્યક્તિના ગુણો, કલા કે વિદ્વત્તાની સુવાસ ચારેતરફ પ્રસરે અને સૌ સુગંધિત થાય પણ જ્યારે પ્રસંશાનો અતિરેક થાય છે ત્યારે એ ખુશામતનું સ્વરૂપ ધારણ કરી લે છે. અને વ્યક્તિમાં અહમનો ઉદભવ થાય છે. આ અહમ એટલો સૂક્ષ્મ (સોફ્ટ) હોય છે કે વ્યક્તિને ખૂદને ખબર પડતી નથી. એ વ્યક્તિને પોતાના ગુણો એટલાબધા ગમવા લાગે છે કે પોતે જ પોતાના પ્રેમમાં પડીને પોતાના ગુણોના ગુણગાન ગાયા કરે છે. પોતે જ એકદમ સહાનુભૂતિપૂર્વક, સોફ્ટ રીતે પોતાના ગુણોનું બધાની સામે પ્રાગટ્ય કરવા લાગે છે. અહીં સુધી પણ વાંધો નથી પણ આવી ખોટી પ્રસંશાથી, ખુશામતથી મોટી બનેલી વ્યક્તિઓ એટલી બધી સેન્સેટીવ (અતિસંવેદનશીલ – લાગણીશીલ નહીં) બની જાય છે કે તેઓ પોતાના વિશેની કોઈ હળવી મજાક કે જોક્સ કે મિત્રોના પ્રેમભર્યા વ્યંગ્ય પણ સમજી શકતા નથી. આવી વ્યક્તિઓ સંવેદનશીલ વિસ્તારોની જેમ નાજૂક મનોસ્થિતિ લઈને ફરતી હોવાથી સૌ કોઈએ ખૂબ જ ધ્યાન રાખીને એમની સાથે વ્યવહર કરવો પડે છે.એમની સતત ખુશામત, પ્રસંશા કરવી પડે છે. કેમ કે ક્યારે કંઈ વાતનું તેમને માઠું લાગી જાય છે, ક્યારે કંઈ વાત તેમને હર્ટ કરે છે એની આપણને ખબર પડતી નથી. આવી વ્યક્તિઓ સાર્વત્રિક સામાજિક સમાયોજન સાધવામાં નિષ્ફળ જાય છે. આવી વ્યક્તિઓ પોતાના મનમાં અમૂક ચોક્કસ પ્રકારની ધારણાઓ બાંધીને જ જીવતી હોય છે. અને આ ધારણાઓ આજીવન બદલાતી નથી હોતી. સમય ગમે તેટલો બદલાય, યુગ બદલાય પણ સંવેદનશીલ વ્યક્તિઓ એમની દુનિયામાં જ જીવતી હોય છે. કારણ કે આવી વ્યક્તિઓને તેમની આસપાસના સગાસંબંધીઓએ, મિત્રોએ, ઓફિસ સ્ટાફે બધાએ અતિ, અતિ, અતિ પ્રસંશાના રસગુલ્લાઓ ખવડાવી દીધા હોય છે કે એ બધી મીઠાસની અસર મનોવૈજ્ઞાનિક રીતે એબનોર્મલ (નેગેટિવ) થઈ જાય છે.

આજકાલ ખોટી પ્રસંશાના અને ખુશામતના રસગુલ્લા લઈને લાખો કરોડો લોકો સોશિયલ મીડિયા ઉપર ચારેબાજુ ભટકતા રહે છે. કેમ કે પોતે જિંદગીમાં કશું ય નથી કરી શક્યા કે નથી કર્યું એટલે કોઈની સાવ નાની એવી વાતનો પણ એટલો મોટો પહાડ બનાવી દેતા હોય છે કે એમાં ના ઈચ્છા હોવા છતાંય અન્ય મહાનુભાવોને ખોટી પ્રસંશાના પુષ્પો વેરવા પડે છે. કોઈ વ્યક્તિ આપણાથી ઉચ્ચ કક્ષાએ હોય, સિનીયર હોય, વિદ્વાન હોય, જાણકાર હોય, એવી વ્યક્તિ જ્યારે આપણી પ્રસંશા કરે તો એનું ચોક્કસ મૂલ્ય હોય છે, એનું ગૌરવ લેવું જોઈએ. પણ આપણી ખોટી વાતોથી, પ્રચારથી, બાહ્ય આંડબરથી, પદથી, પૈસાથી અંજાઈને કોઈ પ્રસંશા કરે તો એ ફૂગ્ગામાં હવા ભરવા જેવી વાત બને છે. અથવા કોઈ અજ્ઞાની છે, સામાજિક, સંસ્થાકીય, જાહેરજીવન વિશે બહું ખબર પડતી નથી, આપણને પૂર્ણ રીતે ઓળખતી નથી, આવી વ્યક્તિઓ જ્યારે સોશિયલ મીડિયા પર આપણી જાહેરમાં ખુશામત કરે છે ત્યારે તેનું મૂલ્ય કેટલું ? એની પણ સમજણ હોવી જોઈએ. કૉયલના સૂરની પ્રસંશા કાગડો કરે એ તો સાહજિક છે પણ કાગડાના સૂરની પ્રસંશા કૉયલ કરવા લાગે ત્યારે ચિંતનીય સ્થિતિ બને છે. અને મોટેભાગે કશું જ જોયા જાણ્યા વિના આપણે લાગી જઈએ છીએ ખુશામત કરવા. આવી બધી પ્રવૃત્તિઓ મોટેભાગે ફેસબૂક અને વૉટ્સપ ગ્રુપોમાં ખૂબ ચાલતી હોય છે. ખાસ કરીને આવી ખુશામતખોરી બહેનોને વધારે મળતી હોય છે. મેં અગાઉ પણ એક લેખમાં લખ્યું હતું અને અહીં પણ લખું છું કે જો કોઈ છોકરી ફેસબૂક પર રાત્રે '' ગુડ નાઈટ ફ્રેન્ડ્સ '' લખીને સૂઈ જશે તો પણ પાંચ સો, હજાર કોમેન્ટ્સ, બે પાંચ હજાર લાઈક્સ આવી જશે. અને તમે સમાજ કે સાહિત્યનો ઉત્તમ લેખ પોસ્ટ કરશો કે ગાંધીજયંતિ દિને મહાત્મા ગાંધીજીની તસવીર મૂકશો તો પણ પાંચ પચ્ચીસ કોમેન્ટ્સ ને પચાસ સો જેટલી લાઈક્સ મળશે. કેમ કે આવા લોકોને સમાજ, સાહિત્ય કે ગાંધીજીમાં કોઈ રસ નથી. પણ છોકરીએ '' ગુડનાઈટ '' ભલે ને પોતાને નથી કહ્યું પણ એમાં રસ પડે છે. અને વૉટ્સપ ગ્રુપોમાં તો આનાથી યે વિશેષ મહાન, પરમ પૂજ્ય ધર્મ ધૂરન્ધર, ગુણોના ભંડાર, મહામહિમ આદરણીય ખુશામતખોરો પોતાની લબૂઝબૂ થતી લાગણીઓ અને આંગળીઓના ટેરવા સજાવીને જ બેઠા હોય છે. જેવી કોઈ કવિતા કે લેખ કે કોઈ પુરસ્કારનું કે કાર્યક્રમનું છપાયેલું કટિંગ શેર કરે કે તરત બધા સંસ્કૃત સાહિત્યની ઉપમાઓ લઈને, રૂપકો લઈને, સાહિત્યિક અતિશયોક્તિની પણ અતિશય અતિશયોક્તિયૂક્ત શબ્દોના ફૂલહાર લઈને મેદાનમાં કૂદી પડે છે. અને પછી હરિફાઈ યોજાય છે મોટા મોટા મહાન વિશેષણો, ઉપમાઓ યોજવાની. મોટાભાગના ખુશામતખોરો અખબારનું કટિંગ વાંચતા પણ નથી હોતા. એક વ્યક્તિએ પ્રસંશા (ખુશામત) કરી એટલે બીજા વાંચ્યા વિના લાગી પડે છે. પછી ખબર પડે કે પેલી વ્યક્તિએ તો ''બેસણાનું કટિંગ'' મૂક્યું હતું. અમૂક વ્યક્તિઓને તો પોતે જ પોતાની એટલી બધી ખુશામત કરવાની આદત પડી ગઈ હોય છે કે પોતે જ પોતાને ''ગબ્બર'' માનીને ફરે છે. ખુશામત કરવી એટલે જે વ્યક્તિ પાસે જે ક્ષેત્રની યોગ્યતા નથી અને એના એ ક્ષેત્રના વખાણ કરવા એ ખુશામત કહેવાય. મને ક્રિકેટ રમતા નથી આવડતું અને હું શોખને કારણે ક્રિકેટ રમતા થોડા ફોટા વૉટ્સપ ગ્રુપમાં કે ફેસબૂકમાં પોસ્ટ કરું અને બધા મને '' ગાંધીનગરનો શ્રેષ્ઠ ક્રિકેટર, રાજ્યનો ઉત્તમ ક્રિકેટર કહે તો કેવું થાય ? અરે કોઈ કોઈ તો વળી સચિન, વિરાટ સાથે સરખાવીને મને દેશનું ગૌરવ જાહેર કરે, અને હું પાછો એ સત્ય માનીને મહાન થઈને ફરું, મારી જાતને મહાન ક્રિકેટર માનતો થઈ જાઉ અને ખરેખર ક્રિકેટ રમવાનું શરું પણ કરી દઉ.. બસ, આમ જ બધે બની રહ્યું છે. આવા ખુશામતખોરોએ અનેકના હાથમાં બેટ (કલમ) પકડાવીને બધાને પ્રોત્સાહનને નામે સચિન, વિરાટ કે ધોની બનાવી દીધા છે. પરંતુ વારંવાર પહેલા બૉલે આઉટ થનારને આપણે કંઈ રીતે સચિન કે વિરાટ કે ધોની કહીં શકીએ ?


ખુશામત કરવાથી બીજો એક ફાયદો એ પણ થતો હોય છે કે તમને બધા કાર્યક્રમોમાં બોલાવે, મંચ ઉપર બેસાડે, તમારી પણ ખુશામત કરે એટલે મોટાભાગના આજે સાચું બોલવાનું, કોઈને સાચું શીખવવાનું, અયોગ્યતાનું દર્શન કરાવવાનું બંધ કરીને ખુશામતની ખુરશીમાં બેસી જાય છે. અને પછી તેઓ પણ તાલીઓ પાડીને સૌને સાવ ખોટું પ્રોત્સાહન આપતા રહે છે. આજે મોટાભાગના ખુશામતખોરો વિવેકભાન નથી રાખતા. હજી માંડ માંડ મહામહેનતે કક્કો - બારાખડી શીખનારને સીધા જ ''વ્યાકરણાચાર્ય કે ભાષાચાર્ય '' બનાવીને પ્રસ્થાપિત કરી દેવામાં આવે તો એ ક્યારેય કક્કા બારાખડીથી આગળ વધી નહીં જ શકે. બસ, આજે આવું જ બને છે. વૉટ્સપ ગ્રુપોમાં અનેક નવા નિશાળિયાઓને ''વ્યાકરણાચાર્યો'' બનાવીને આ ખુશામતખોરો એમની કારકીર્દિનો, સાચી ટેલેન્ટનો અજાણતા અંત લાવી દેતા હોય છે. આજે સમાજમાં અને સાહિત્યમાં મોટાભાગના સર્જકો, વિદ્વાનો હાથમાં ને કલમમાં પતંજલિનું મધ લઈને જ ફરતા હોય છે કોઈ સામે મળે કે તરત જ મધનો ચમચો સામેનાના મોંમાં નાખી દે છે. હવે સામેની વ્યક્તિ બિચારી ખરેખર કંઈક શીખવા સમજવા ઈચ્છે છે. એનામાં આવડત છે, ટેલેન્ટ છે. પણ સીધા જ એને ખોટી પ્રસંશાના હાર પહેરાવીને એને ભવિષ્યમાં મળનારી જીત છીનવી લેતા હોય છે. આજે આવા અનેક સારા પ્રતિભાશાળી કવિ લેખકો પોતાનું સત્વ અને તત્વ ગૂમાવી રહ્યા છે. કોઈ પદ પ્રતિષ્ઠામાં ગૂમનામ થઈ રહ્યા છે તો કોઈ સોશિયલ મીડિયાની મોહમાયામાં મૂગ્ધ છે. કોઈ ગાલિબ, મરીઝ બનીને બેઠા છે તો કોઈ રઘુવીર કે પન્નાલાલ બનીને લખે છે તો કોઈ અમિતાભ કે શાહરૂખ બનીને અભિનય કરે છે તો કોઈ સચિન કે વિરાટ બનીને બેઠા છે. બસ, આ કંઈક બનવાની ખેવના જ એમને કંઈક બનવા દેતી નથી અને સમાજમાં તેઓ હાંસીને પાત્ર બનીને ફરે છે. લોકો તેમની પ્રસંશા વધુ કરીને એમને એમની એ જ કક્ષામાં રાખે છે. આવા લોકો ક્યારેય પોતાની સાચી ટીકા - ટિપ્પણી કે કોઈની હળવી મજાક પણ સહન કરી શકતા નથી. પોતાના સર્જનના માપદંડો પોતે જ બનાવીને શીખરે બિરાજમાન થઈ જાય છે. એમને માટે એમનું ધારેલું સત્ય જ સત્ય છે. જગતના સત્ય સાથે એમને કોઈ લેવાદેવા હોતી નથી.

મિત્રો, જો તમે સર્જક છો, વિદ્વાન છો, સારા સહદયી વ્યક્તિ છો, સમાજમાં તમારું ચોક્કસ સ્થાન છે તો ક્યારેય પણ કોઈના વિશે અભિપ્રાય આપો, કોઈના વિશે કંઈ લખો કે પ્રસંશા કરો ત્યારે ખૂબ જ ધ્યાન રાખવું જરૂરી હોય છે. તમારો એક એક શબ્દ સામેની વ્યક્તિને તો ઠીક છે આખા સમાજને અસર કરે છે. કોઈને માટે સમયની પહેલા કોઈ વિધાનો કરવા, પૂર્ણ પરિચય વિના જાહેરમાં ખોટા વખાણ કરવા કે યોગ્યતા વિના જાહેરમાં પ્રસંશા કરવી આ બધી ખુશામત આપણી સાથે જોડાયેલા બીજા અનેક લોકો પણ સમજતા હોય છે. તેથી અન્ય માટે આપેલા અભિપ્રાયથી આપણું વ્યક્તિત્વ બનતું – બગડતું પણ હોય છે. સત્ય કહી શકતા નથી તો મૌન રહેવું ઉચિત હોય છે પણ અધિકારી, પદાધિકારી કે બૉસ હોવાથી જાહેરમાં ખોટી પ્રસંશા કરવાથી, ખુશામત કરવાથી આપણા જ વ્યક્તિત્વના માર્ક્સ પણ માઈનસ થતા હોય છે. પ્રોત્સાહન, પ્રસંશા અને ખુશામતનો ભેદ બહું જ સૂક્ષ્મ હોય છે. એને સમજવો જરૂરી હોય છે. કોઈપણ બિમારીની દવા હંમેશાં કડવી જ હોય છે. જો આપણને કડવી દવા પસંદ નથી, આપણી કે આપણી કૃતિની ટિકા ટિપ્પણી પસંદ નથી તો સમજી લેવું જોઈએ કે આપણે હજી કક્કો બારાખડી જ શીખીએ છીએ. શાળા, સ્કૂલ. કૉલેજ અને યુનિવર્સિટી સુધી પહોંચવા કેટલા વર્ષો સુધી શીખવું પડશે, ધ્યાન ધરવું પડશે, એ પણ જાણી સમજી લેવું જોઈએ. અસ્તુ.

- 9426060601.india@gmail.com

# આજા ફસા જા...!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



વચમાં ફેસબુકમાં પેલું 'ન્યુડ વિડીયો કોલિંગ' વાળું બહુ ચાલેલું , અરે ચાલેલું શુ કામ પણ એ તો હજુ પણ પૂરબહારમાં ચાલુ જ છે, આવી જ 'ગંદી બાત, ગંદી ગંદી ગંદી બાત ' અજાણ્યા અને મોટાભાગે મહિલાઓના પ્રોફાઈલ પીકચર કે નામવાળા એકાઉન્ટમાંથી વૉટ્સએપ વિડીયોચાટના નામે પણ થાય જ છે. જાહેર થાય છે એનાથી વધુ બનાવો તો આબરૂની બીકે જાહેર નથી થતાં એ હકીકત છે. ભોગ બનનાર ભલે ને એમ કહે કે 'મે કાઈ કર્યું નથી' પણ સાંભળનાર તો સમજી જ જાય કે ભાઈ ની ' નબળી કડી' નો જ લાભ લઈને લૂંટી લેવામાં આવ્યા છે..! મારા ને તમારા વૉટ્સઅપમાં લંડન, અમેરિકા કે દેશના જ કોઈ અજાણ્યા નંબરો પરથી મેસેજો આવે છે કે 'હાય, હું ફલાણી ફલાણી.. શું તમે ફલાણા ફલાણા છો' કે 'હાય, આપણે ઘણા વખતથી મળ્યા નથી, ભૂલી ગયા કે શું ?'. જો જવાબ આપ્યો તો સમજો કે ગયા કામ થી..! આવી બલાઓ માટે તો બ્લોક જ અમોઘ શસ્ત્ર છે... ! ઈનબોક્ષમાં ' તમારી ફલાણી ગિફ્ટ આવી છે, છોડાવી લ્યો 'થી લઈને ફોન પર' તમારું બેક્ર એકાઉન્ટ બંધ થઈ જશે. કરો આ લિક્ર ક્લિક અને અપડેટ કરો ' જેવા છલાવા મેસેજો ચાલુ જ હોય છે. સવાલ એ નથી કે આ ક્યારે બંધ થવાના પણ સવાલ એ છે કે રોજેરોજ આવા બનાવો બનતા હોવા છતાં પણ આપણે આસાનીથી લૂંટાઈ જઈએ છીએ. હવે આમાં આપણે વધુ મૂરખ છીએ કે પછી ઠગ લોકો વધુ અપડેટ છે એ ચર્ચાનો વિષય છે પણ હકીકત એ છે કે દુનિયાભરમાં ' આજા ફસા જા ' પૂરજોશમાં ચાલુ જ છે.

રોજે રોજ છાપાઓમાં આ છેતરામણીના સમાચારો આવે છે. અરે દિલ્હી, મુંબઈના સમાચારોમાં તો સમજ્યા કે આપણને એની ઓછી અસર થાય પણ આપણા જ ગામ કે શહેરના કિસ્સાઓ આવતા રહે છે. ટીવીના ન્યૂઝમાં ગલા ચિલ્લા ચિલ્લા કે આપણને રોજ કહેવામાં આવે છે કે 'ચૈન સે સોના હે તો જાગ જાઈએ'. સોશિયલ મીડિયાની અઢળક પોસ્ટોમાં લોકો માથા પછાડી પછાડીને આની વાતો કહે છે તો પણ નવાઈની વાત એ છે કે રોજ ને રોજ વધુને વધુ લોકો અવનવી પ્રકારની ઠગાઈનો ભોગ બનતા જ રહે છે. આવા સમાચારો વાંચતી કે જોતી વખતે આપણે ભલે મનમાં બબડી લઈએ કે 'મૂર્ખ કહેવાય ને સાવ' પણ હકીકત એ છે કે ભલભલા હોશિયાર, શિક્ષિત લોકો પણ આ જાળમાં ફસાઈ જાય છે. હવે તો ફેસબુક પર તમારો જ ફેક પ્રોફાઈલ બનાવીને તમારા દોસ્તો કે કોન્ટેક્ટ પાસેથી પૈસા માંગવાનું આમ બનતું જાય છે. અરે ફેસબુક તો ઠીક પણ વૉટ્સઅપ પર પણ ફેક એકાઉન્ટ બનાવીને પૈસા પડાવી લેવાય છે. આશ્ચર્યની વાત એ છે કે ઘણાબધા કશું જ વિચાર્યા વગર આપી પણ દે છે. કેબીસી ની દરેક નવી સીઝનમાં કેબીસીમાં એન્ટ્રીના નામે ઘણા છેતરાય છે. આવું જ કઈક ટીવીના ઘણા બધા શો ના નામે થાય છે. આપણે જાણીએ છીએ, ટીવી શો ના નિર્માતાઓ, બેક્રના અધિકારીઓ પણ જાહેરાતો આપે છે તેમ છતાં 'લાલચ બૂરી બલા હૈ' એ વધુ ને વધુ સાબિત થતું જાય છે જ.

પહેલા શું હતું કે પૈસા વસૂલવા કે નાણાકીય ઠગાઈ માટે ફિઝિકલી માથાકૂટ રહેતી. કોઈનું અપહરણ કરો ને પછી એની ફિરોતીના રૂપિયા હિન્દી ફિલ્મોની ભાષામાં 'કાલા ડુંગર કે પાસ રખ દેના' આવી જાસાચિઠ્ઠીયુ મોકલવી પડતી પણ હવે તો એ રસ્તો પણ મોબાઈલની કૃપાથી સ્મૂધ થઈ ગયો છે. ' તું ભી ઓનલાઈન હૈ.. મી ભી ઓનલાઈન હું ' ની જેમ લગભગ મોટાભાગની દુનિયા એના બધા કામો ઓનલાઈન કરતી થઈ ગઈ છે અને બીજું શું કે સસ્તા ડેટા અને સસ્તા સ્માર્ટફોનને લીધે કોઈને લોકેટ કરવો કે કોઈની સાથે ફાયનાન્સિયલ ઠગાઈ હવે ઈઝી થઈ ગઈ છે. બેક્રના કર્મચારીના નામે તમારા ખાતાનું કેવાયસી અપડેટ કરવાના બહાને તમારી બેક્રિંગ ડિટેલ જાણવું આસાન થઈ ગયું છે. સીમ સ્વાઈપના કિસ્સાઓ પણ બને છે જેમાં તમારું સીમ બંધ થઈ જાય અને બીજું ડમી સીમ એક્ટીવેટ કરીને બેક્રિંગ ડિટેલના આધારે ખાતું સાફ કરી નાખે છે. નકલી ખરીદનારા બનીને ઓનલાઈન ટ્રેડિંગ સાઈટો પર ફ્રોડ થાય છે. ઓએલએક્સ આમાં મોખરે છે. ' હું તમને ૧૦ રૂપિયા મોકલું છું ટેસ્ટિંગ માટે, એ મળે એટલે બીજા મોકલું ' એમ કહીને તમારો ક્યુંઆર કોડ ટ્રેક કરીને પછી બાકીના પૈસા મોકલવાને બદલે તમારું ખાતું સાફ કરવાની ઘટનાઓ આ અને આના જેવી બીજી ઓનલાઈન ટ્રેડિંગ સાઈટ પર વધુ બની રહી છે. ખૂબીની વાત એ છે કે આટલી બધી ઘટનાઓ સમાચારપત્રો અને ટીવીમાં આવતી હોવા છતાં લોકો મૂરખ બની રહ્યા છે અને રૂપિયા ગુમાવી રહ્યા છે.

એવું નથી કે આવી ખાનગી સાઈટો પર જ આ બધુ થાય છે. ભારત સરકારની ' પી એમ કેર્સ ' ના નામે પણ ખોટી લીંકો મોકલીને ઘણાય ને ચૂનો ચોપડવામાં આવેલો અને એવું જ કાઈક પ્રોવિડંડ ફંડની સાઈટના નામે પણ થયું છે કે થઈ રહ્યું છે. બેક્રના રિક્રુટમેન્ટના નામે કે સરકારી ભરતીના નામે નકલી વેબસાઈટો બનાવીને કે ફિશિંગ મેસેજિસ મોકલીને કઈક ઉમેદવારોને ઉલ્લુ બનાવાય છે. ડેબિટ કે ક્રેડિટ કાર્ડને હેક કરવું આસાન થઈ ગયું છે. જો કે જેટલી સ્પીડે ડિઝિટલ વર્લ્ડ વિકસી રહ્યું છે કદાચ એનાથી પણ વધુ ઝડપે ઠગ લોકો નીતનવા નુસ્ખાઓ અજમાવતા જાય છે. અને એ લોકો વધુ સફળ થાય એનું કારણ એ છે કે એક તો ભારતમાં લગભગ દરેકના હાથમાં સ્માર્ટફોન છે અને બીજું કે આમાંથી મોટાભાગનાને સ્માર્ટફોન વાપરાવી આવડત અને આવી સંવેદનશીલ માહિતીઓ છુપાવવાની આવડત ઓછી છે એટલે જેવો ' લોટરી લાગી છે ' કે ' મફત વાઉચર મળ્યું છે ' ટાઈપના મેસેજો કે ફોન કોલો આવે એટલે આસાનીથી આવા ચીટરની વાતોમાં આવીને બેક્ર કે મોબાઈલ કે બીજી માહિતીઓ આપી દે છે. સ્માર્ટફોનના મોટા ભાગના એપ્સ મોબાઈલ ધારકની જાસૂસી કરે છે એ હવે જગજાહેર છે. એવું જ કઈક ઓનલાઈન ડેટા વેચાણનું છે. આવા એપ્સ કે પછી લોકલ કે ઓનલાઈન ડીલર્સ પણ હવે તો કસ્ટમરના મોબાઈલ નંબર કે બીજી માહિતીઓના ડેટા વેચે છે જેને ખરીદનાર આવા ઠગ લોકોના હાથમાં આમુક માહિતીઓ તો આવી જ જાય છે અને બાકીની ડિટેલ્સ આ લોકો આવા કોલ્સ, મેસેજિસ કે વાતોમાં ભોળવીને કઢાવી લે છે.

પહેલા પણ આવું થતું, નહોતું થતું એમ નહીં. છાપાઓમાં ક્રોસવર્ડના ચોકઠા ભરવાના નામે એ જમાનાની ઓનલાઈન ઠગાઈ થતી . હજુ આજે પણ દિલ્હીનો ચાંદની ચોક કે મુંબઈનું ચોર બઝાર ઓફલાઈન ઠગાઈ માટે પ્રખ્યાત છે જ . સરકાર અને બીજી ઉપભોક્તા સંસ્થાઓ આ ઠગાઈઓને અટકાવવા ઘણા પ્રયત્નો કરી રહી છે. હવે એટીએમ કે ક્રેડિટ કે ડેબિટ કાર્ડના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં પણ મોબાઈલ પર આવેલા સિક્યોરીટી કોડ પછી જ પૈસા ઉપડે છે. દરેક શહેરોમાં સાયબર સેલ એક્ટિવ છે જ્યાં તમે આવી ઠગાઈની ફરિયાદ કરી શકો છો. ઓનલાઈન ફાયનાન્સિયલ ફ્રોડ માટે ભારત સરકારે ૧૫૫૨૬૦ નંબરનો ટોલ ફ્રી નંબર જાહેર કરેલો છે, આ ઉપરાંત સાયબર ક્રાઈમની વેબસાઈટ પર પણ કમ્પલેન કરી શકો છો. કાનૂન અને સરકાર આવા તત્વોને પકડે પણ છે અને સજાઓ પણ પડે છે પણ હકીકત એ છે કે આ બધુ તો તમે લૂંટાઈ જાવ પછીનું છે પણ સાચું એ છે કે આવી લલચામણી ઓફરો, કોલ્સ કે ઈમેલ ને જવાબ આપતા પહેલા જરાક મગજ દોડાવીને વિચારવું કેમ કે જગતમાં કશું જ ફ્રી નથી મળતું અને બીજું કે બેંક કે બીજી નાણાકીય સંસ્થાઓ આવા કોલ્સ કે ઈમેલ કરતી પણ નથી અને ત્રીજું કે દરેક ટ્રાન્ઝેક્શન શક્ય એટલું સુરક્ષિત રહે એ જોવું. ખાસ તો પિન નંબર કે બેક્ર એકાઉન્ટની ડિટેલ ભાગ્યે જ શેર કરવી. 'જરા સી સાવધાની જીંદગીભર કી આસાની' જેવું રહેશે, બાકી તો મોબાઈલની દરેક ટેપ, ઈમેલ ની દરેક ક્લિક અને કીબોર્ડની દરેક હીટ પર ધુતારાઓની નજર છે જ એમ સમજવું અને એનાથી બચવાનો એક જ ઉપાય છે કે સાવધાની રાખવી અને 'અપની અક્કલ' લગાવવી..!